**9.5 લાખની હ્યુન્ડાઈ ઓરા બુક કરાવી હોવા છતાં**

# 13 લાખની બ્રેઝા કાર ન મળતાં કોન્સ્ટેબલે લગ્ન તોડ્યાં, સસ્પેન્ડ

સોનીપત/નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ) : લગ્ન સ્થળ શણગારવામાં આવ્યું હતું, ડીજે તૈયાર હતું, દુલ્હન રાહ જોઈ રહી હતી અને મહેમાનો પણ એકઠા થઈ ગયા હતા, પરંતુ વરરાજા– જે દિલ્હી પોલીસનો કોન્સ્ટેબલ છે અને જેને બાદમાં સસ્પેન્ડ કરવામાં આવ્યો– તેના મનમાં કંઈક અલગ જ ચાલી રહ્યું હતું. કથિત રીતે દુલ્હનના પરિવારે તેણે માંગેલી મારુતિ બ્રેઝાને બદલે હ્યુન્ડાઈ ઓરા કાર બુક કરાવતાં તેણે લગ્ન તોડી નાખ્યાં હતાં. આ લગ્ન 20 નવેમ્બરના રોજ સોનીપતના મામચંદ વાટિકા ખાતે યોજાવાનાં હતાં. આશરે 6 મહિના પહેલા આ લગ્ન નક્કી કરવામાં આવ્યાં હતાં. દુલ્હનના પિતા સુભાષ કુમારે સોનીપત પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે વરરાજા માટે 9.5 લાખ રૂપિયાની હ્યુન્ડાઈ કાર બુક કરાવી હતી. જોકે, કુલદીપ તરીકે ઓળખાયેલા વરરાજાએ 13 લાખ રૂપિયાની મારુતિ બ્રેઝા કારની જ જીદ પકડી હતી. કુમારે ઓરાનું બુકિંગ રદ કરાવ્યું હતું અને બ્રેઝાની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ કેટલાક શો-રૂમમાં ગાડી ઉપલબ્ધ ન હોવાને કારણે તેઓ તેની વ્યવસ્થા કરી શક્યા ન હતા. 20 નવેમ્બરના રોજ લગ્નના દિવસે વરરાજાને લગ્ન સ્થળે બ્રેઝા કાર જોવા ન મળી, ત્યારે તેણે કથિત રીતે કુમાર અને દુલ્હનના પરિવારના અન્ય સભ્યો સાથે ગાળાગાળી કરવાનું શરૂ કર્યું હતું અને વારંવાર સમજાવવા છતાં વરરાજા અને તેની માતા લગ્ન સ્થળ છોડીને ચાલ્યા ગયા હતા. દહેજની માંગણી કરવા અને દુલ્હનનો પરિવાર તેની પસંદગીની મારુતિ બ્રેઝા કારની વ્યવસ્થા કરવામાં નિષ્ફળ જતાં લગ્ન તોડી નાખવાના આરોપસર કોન્સ્ટેબલ કુલદીપને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

# પશ્ચિમ બંગાળનું નામ 'પશ્ચિમ બંગ' કરવા 9 ડિસેમ્બરે પ્રસ્તાવ

કોલકાતા, તા. 23 (PTI) : આગામી 4 ડિસેમ્બરથી શરૂ થઈ રહેલા વિધાનસભાના સત્ર દરમિયાન પશ્ચિમ બંગાળનું નામ બદલીને 'પશ્ચિમ બંગ' કરવાનો પ્રસ્તાવ ગૃહમાં રજૂ કરવામાં આવશે. એમ મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું. અધિકારીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠક બાદ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, "પશ્ચિમ બંગાળનું નામ બદલીને 'પશ્ચિમ બંગ' કરવાનો પ્રસ્તાવ 9 ડિસેમ્બરે ગૃહમાં રજૂ કરવામાં આવશે."

# વ્યાપારીઓને વિઝા જારી કરવા માટે ભારત સાથે સહકાર કરવા ચીન તૈયાર

**ચીન** દ્વારા ભારતીયોને બિઝનેસ વિઝા આપવાનું ઓછું કરી દેવાયું હોવાના અહેવાલ વચ્ચે ચીની વિદેશ મંત્રાલયનું મહત્વનું નિવેદન

બેઇજિંગ, તા. ૨૩(પીટીઆઈ): ભારતીય નાગરિકોને બિઝનેસ વિઝા સહિતના વિઝા આપવામાં ચીનના રાજદ્વારી મિશન દ્વારા ઘટાડો કરવામાં આવ્યો હોવાના અહેવાલો વચ્ચે, ચીને કહ્યું છે કે તે બંને પક્ષોના વ્યાપારી વ્યક્તિઓ માટે વિઝા વ્યવસ્થાને સરળ બનાવવા ભારત સાથે મળીને કામ કરવા તૈયાર છે.

ભારતીયો માટે વિઝા જારી કરવામાં ઘટાડો થયો હોવાના અહેવાલો અંગે પીટીઆઈ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના લેખિત જવાબમાં ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "ચીન કાયદા અને નિયમો અનુસાર ચીન આવતા પાત્ર વિદેશી નાગરિકોને વિઝા જારી કરે છે." પ્રવક્તાએ વધુમાં કહ્યું કે, "અમે બંને પક્ષોના વ્યાપારી કર્મચારીઓ માટે વિઝા વ્યવસ્થાને સરળ બનાવવા ભારત સાથે કામ કરવા તૈયાર છીએ." ચીનના રાજદ્વારી મિશન દ્વારા ભારતીય નાગરિકોને બિઝનેસ વિઝા સહિતના વિઝા આપવામાં ઘટાડો કરવામાં આવ્યો હોવાના અહેવાલો વચ્ચે પ્રવક્તાની આ ટિપ્પણી આવી છે. વધુમાં, એવા પણ અહેવાલ છે કે આ મહિને શાંઘાઈમાં યોજાયેલા 'ચાઇના ઇમ્પોર્ટ એક્સ્પો'માં હાજરી આપવા માટે ઓછા ભારતીય ઉદ્યોગપતિઓને વિઝા આપવામાં આવ્યા હતા. આ વાર્ષિક વેપાર મેળો વિશ્વભરના ઉદ્યોગપતિઓને ચીની ગ્રાહકો સમક્ષ તેમના વ્યવસાયો પ્રદર્શિત કરવા માટે આકર્ષે છે.

# ટ્રમ્પના હમશકલની મદદથી કેનેડિયન વડાપ્રધાને ટ્રમ્પની મજાક ઉડાવી

**વાર્ષિક** સંસદીય પ્રેસ ગેલેરી ડીનરમાં ટીખળો કરવાના પરંપરાગત કાર્યક્રમમાં માર્ક કાર્નીએ પોતાના પર પણ ટીખળ કરાવી



ઓટાવા, તા. ૨૩(એપી): કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ આ સપ્તાહના અંતે પત્રકારો સાથેના વાર્ષિક ડિનરમાં અમેરિકી રાષ્ટ્રપતિ અને કેનેડિયન રાજકારણીઓની મજાક ઉડાવવા માટે કોમેડિયનોની મદદ લીધી હતી, જેમાં તેઓ નકલી ડોનાલ્ડ ટ્રમ્પ અને પોતાના જ અન્ય એક સ્વરૂપ સાથે સ્ટેજ પર જોવા મળ્યા હતા.

શનિવારે જ્યારે કોમેડિયન માર્ક મેકિની વડાપ્રધાનની નકલ કરતા સ્ટેજ પર આવ્યા અને ત્યારબાદ માર્ક ક્રિચ ટ્રમ્પની ભૂમિકામાં આવ્યા ત્યારે કાર્નીએ કહ્યું, "હું ઈમરજન્સી કોમેડી બટન દબાવી રહ્યો છું." ક્રિચે ટ્રમ્પની જાણીતી મજબૂત રીતે હાથ મિલાવવાની શૈલીની નકલ કરી, અને સ્ટેજ પર કાર્ની તથા મેકિની સાથે હાથ મિલાવ્યા. કાર્નીએ ટ્રમ્પ દ્વારા ઓવલ ઓફિસના કરાયેલા ભવ્ય નવીનીકરણની પણ મજાક ઉડાવી હતી. કાર્નીએ કહ્યું, આ એક મુશ્કેલ રૂમ છે. અને હું ઓવલ ઓફિસમાં પણ જઈ આવ્યો છું. એકલો. તેના નવા ઇન્ટિરિયર ડેકોરેટર સાથે.

વ્હાઇટ હાઉસમાં પરત ફર્યા ત્યારથી, ટ્રમ્પે ઓવલ ઓફિસને સોનેરી સજાવટ, ગિલ્ડેડ ડેકોરેશન અને પોર્ટ્રેટ્સથી ભરી દીધી છે. વાર્ષિક પાર્લામેન્ટરી પ્રેસ ગેલેરી ડિનર એ વોશિંગ્ટનના પોલિટિકલ રોસ્ટનું કેનેડિયન સ્વરૂપ છે, જ્યાં રાજકારણીઓ અને પત્રકારો એકબીજા પર જોક્સ અને કટાક્ષ કરે છે.

# મોટી ડ્રિંકિંગ વોટર બ્રાન્ડોના નમૂનાઓ ભેગા કરવાનું FSSAIએ શરૂ કર્યું

**નિયમનકારી** કાર્યવાહી છતાં બિસ્લેરી કહે છે કે અમારું પેકેજ્ડ પાણી સલામત

નવી દિલ્હી, તા. ૨૩(પીટીઆઈ): સૂત્રોના જણાવ્યા અનુસાર, ફૂડ રેગ્યુલેટર FSSAIએ તેની ચાલુ નિયમ અમલીકરણ ઝુંબેશના ભાગરૂપે બિસ્લેરી સહિત તમામ મોટી પેકેજ્ડ ડ્રિંકિંગ વોટર બ્રાન્ડ્સના નમૂનાઓ એકત્રિત કર્યા છે અને જે કંપનીઓ તેના નિયમોનું પાલન કરતી નથી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરશે.

તેમણે ઉમેર્યું હતું કે, પેકેજ્ડ ડ્રિંકિંગ વોટરના અગ્રણી સપ્લાયર 'બિસ્લેરી ઈન્ટરનેશનલ' સામેની આ કાર્યવાહી ચાલુ અમલીકરણ ઝુંબેશનો જ એક ભાગ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, FSSAIના અધિકારીઓએ પેકેજ્ડ વોટરના વ્યવસાય સાથે સંકળાયેલા ફૂડ બિઝનેસ ઓપરેટર્સના પરિસરમાં નિરીક્ષણ કર્યું હતું અને લેબ ટેસ્ટિંગ માટે નમૂનાઓ પણ લીધા હતા. એક સૂત્રએ જણાવ્યું હતું કે, બિસ્લેરી ઈન્ટરનેશનલ સામે કાર્યવાહી જાહેર હિતમાં હાથ ધરવામાં આવી રહેલી આ કવાયતનો એક ભાગ છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, જો લેબ ટેસ્ટિંગમાં કંપનીઓના નમૂના નિષ્ફળ જશે અને તેઓ નિયમો તથા કાયદાઓનું ઉલ્લંઘન કરતી જણાશે, તો FSSAI તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરશે. રવિવારે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાણકારી આપી હતી કે તેણે અસુરક્ષિત પેકેજ્ડ ડ્રિંકિંગ વોટરના સંદર્ભમાં બિસ્લેરી ઈન્ટરનેશનલ પ્રાઇવેટ લિમિટેડ સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી છે.

## જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે સોળસુંબા-૨ પ્રાથમિક શાળા તા. ઉમરગામ, જિ. વલસાડ સોળસુંબા ગામમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ સંચાલિત ચાલે છે. તે શાળાના એક ઘાબાવાળા જર્જરિત ઓરડો તોડવા તેમજ કાટમાળ હરાજી તા-૦૧/૧૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે સવારે રાખવામાં આવેલ છે. હરાજી શરૂ થતા પહેલા રૂા.૨૪૦૦ અંકે રૂપિયા બે હજાર ચારસો પુરા ડિપોઝીટ પેટે (રિફન્ડેબલ) ભરવાના રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઇ શકાશે નહી. હરાજીની તમામ શરતો હરાજી પહેલા વાંચી સંભળાવવામાં આવશે. જે તમામને બંધનકર્તા રહેશે. હરાજીમાં મહત્તમ બોલી બોલનારને કાટમાળ ખરીદવા હકદાર ગણાશે તથા તેઓએ ક્વેલ બોલીના ૨૫% રકમ તાત્કાલિક સ્થળ પર ચેક દ્વારા અથવા રોકડેથી ભરવાની રહેશે અને બાકીની રકમ શરત પ્રમાણે ભરવાની રહેશે અન્યથા ડિપોઝીટની રકમ જમ્ન કરવા પાત્ર થશે. જાહેર હરાજી, મંજુર નામંજુર કે રદ કરવાની તમામ સત્તાઓ SMC સોળસુંબા-૨ પ્રાથમિક શાળાની રહેશે.

ગ્રં.મ. પટેલ.
મુખ્ય શિક્ષકશ્રી
પ્રા.શાળા સોળસુંબા-૨
તા.ઉમરગામ, જી.વલસાડ

નં.માહિતી/વલસાડ/૫૮૪/૨૦૨૬

## જાહેર નિવિદા નં- ૨૫ સને ૨૦૨૬-૨૭
## માર્ગ અને ,મકાન વિભાગ,ગુજરાત રાજ્ય

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી,વલસાડ (મા.ૠમ.) વિભાગ, સેવા સદન-૨,પહેલો માળ,વલસાડ-૩૯૬૦૦૧, ફોન-નં-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા ધરમપુર- વાપી અને વલસાડ પેટા વિભાગ ના કુલ-૨ જેની અંદાજીત રકમ ૨૯.૭૪ લાખ થી ૫૧.૧૯ લાખ છે. માટે ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે.જેના ટેન્ડરો વેબસાઇટ https:// www.tender. nprocure. com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ ૧૪-૧૨-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે.અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સત્તા અત્રેના વિભાગની અબાદિત રહેશે.

કાર્યપાલક ઇજનેર
વલસાડ (મા.ૠમ) વિભાગ,વલસાડ

નં.માહિતી/વલસાડ/૫૮૨/૨૦૨૬

## જાહેર નિવિદા નં- ૪૨(ચોથો પ્રયત્ન) સને ૨૦૨૫-૨૬
## માર્ગ અને ,મકાન વિભાગ,ગુજરાત રાજ્ય

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી,વલસાડ (મા.ૠમ.) વિભાગ, સેવા સદન-૨,પહેલો માળ,વલસાડ-૩૯૬૦૦૧, ફોન-નં-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઇટ https:// www.rnb.nprocure.com ઉપરથી જોવા મળશે.

| અ.નં. | કામનું નામ | અંદાજી રકમ(લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | કન્સ્ટ્રકશન ઓફ મેજર બ્રિજ ઓન દમણગંગા રીવર ઓન સ્ટેટબારી આંબાજંગલ શાહુડા લીખવડ નાનીપલસાણ ગોટવેલ સુલીયા રોડ કિ.મી ૦/૦ થી ૨૯/૦ (રે.કિ.મી.૧૮/૮ થી ૧૯/૦ & ૨૨/૨૦ થી ૨૨/૪૦) | રૂ-૧૪૧૬.૧૪ લાખ |

ઉપરોક્ત કામ વેબસાઇટ ઉપરથી તા.૨૩/૧૨/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડરો(પી.કર્યું) બીજા દિવસે ખોલવામાં આવશે. પ્રી.બીડ મીટીંગ તા.૧૬/૧૨/૨૦૨૬ નાં રોજ વર્તુળ કચેરી સુરત ખાતે ૧૨:૦૦ કલાકે રહેશે

નં.માહિતી/વલસાડ/૫૮૩/૨૦૨૬

## મુખ્ય અધિકારીશ્રીની કચેરી
નિર્દિષ્ટ વિસ્તાર કાલોલ (પંચમહાલ)
નિર્દિષ્ટ વિસ્તાર, કાલોલ જી.આઈ.ડી.સી. વસાહત,
કાલોલ -૩૮૯૩૩૦ ફોન નં.(૦૨૬૭૬)૨૩૫૯૯૧

## જાહેર નિવિદા નં.૦૧/૨૦૨૬-૨૭

મુખ્ય અધિકારીશ્રીની કચેરી નિર્દિષ્ટ વિસ્તાર કાલોલ (પંચમહાલ) દ્વારા પાત્રતા ધરાવતા રજીસ્ટર્ડ વર્ગ ધરાવતી એજન્સીઓ પાસેથી કુલ-૦૨ (બે) કામોનાં ઓન-લાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

ઓનલાઈન ટેન્ડરો વેબ સાઈટ www.nprocure.com તેમજ www.statetenders.com ઉપરથી ડાઉનલોડ-અપલોડ નિયત સમય-મર્યાદામાં કરી શકાશે. વધુ માહિતીની જરૂરિયાત હોય તો, સંબંધિત મુખ્ય અધિકારીશ્રીની કચેરી નિર્દિષ્ટ વિસ્તાર કાલોલ (પંચમહાલ) ની કચેરીએથી કામકાજનાં સમય દરમિયાન મેળવી શકાશે. નિવિદામાં જણાવેલ ટેન્ડરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ કાલોલ (પંચમહાલ) નિર્દિષ્ટ વિસ્તારની કચેરીનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે. અધિકૃત ઉપરોક્ત વેબ-સાઈટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા / વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઈ શકાશે.

મુખ્ય અધિકારીશ્રી
(માહિતી/ગોધરા/૬૪૮/૨૬) નિર્દિષ્ટ વિસ્તાર કાલોલ (પંચમહાલ)

## ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં.૦૬ સને.૨૦૨૬-૨૭
## ગોધરા વન વિભાગ
## ટેન્ડર આઈ.ડી ક્રમાંક-૩૬૮૩૨૪

નાયબ વન સંરક્ષકશ્રી, ગોધરા(નર્મલં) ના કાર્યક્ષેત્રમાં ગોધરા(પશ્ચિમ) તથા મો.સ્કોર્ડ હાલોલ રેંજમાં નીચે જણાવેલ વિગતે હાથ ધરવાના થતા કામોના ઓનલાઇન ટેન્ડર વેબસાઈટ www.tender.nprocure.com થી માંગવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઇજારદારોએ ભાગ લેવા વિનંતી છે. તમામ વિગત ઓનલાઈન મુકેલ છે. ફોન/ફેક્સ નંબર:- (૦૨૬૭૨) ૨૪૨૨૧૦,૨૪૦૦૫૧

| અ.નં. | કામગીરીનો પ્રકાર | રેંજનું નામ | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| 1 | Construction of New Office Of RFO Godhra West | Godhra West | Dhanol |
| 2 | Construction of New Office Of RFO Mobile Squared Halol | Halol | Halol |

ગોધરા
તા.૨૩.૧૧.૨૦૨૬
(માહિતી / ગોધરા / ૬૪૯ / ૨૬)

-Sd-
નાયબ વન સંરક્ષક
ગોધરા વન વિભાગ, ગોધરા

## જાહેર નિવિદા - ૧૩ સને ૨૦૨૬-૨૭
## માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત રાજ્યનાં માન.રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેર, મહીસાગર મા. અને મ. વિભાગ, મુ. લુણાવાડા, કોટેજ હોસ્પીટલની બાજુમાં, પીનકોડ - ૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં.(૦૨૬૭૪) ૨૫૦૪૮૬ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી બ્રીજ બાંધકામના અંદાજીત રકમ રૂા.૨૭૧.૧૩ લાખ સુધીના કુલ ૧(એક) કામના ટેન્ડર વેબસાઈટ https://rnbtender.nprocure.com પર તા.૦૭/૧૨/૨૦૨૬, ૧૬:૦૦ કલાક સુધીમાં ઉપલબ્ધ રહેશે.

વધુમાં કામોની માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કામનાં દિવસોમાં રૂબરૂ સંપર્ક સાધી શકાશે. ટેન્ડર બાબત અંગેના કોઈપણ સુધારા વધારા ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

(માહિતી/ગોધરા/૬૫૦/૨૬)

## બૅંક ઑફ બડૌદા / Bank of Baroda

ડીબી બારડોલી શાખા : નવા ફળીયા, સ્ટેશન રોડ, બારડોલી–૩૯૪૬૦૧. જી. સુરત. ઈન્ડિયા
ફોન : ૦૨૮૨૨૨૬૬૧૮ Email : dbbard@bankofbaroda.bank.in

**કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**
**[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ**

નીચે સહી કરનાર બૅંક ઓફ બરોડા ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૦૧.૦૯.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદારો/ગીરવેદાર **શ્રી લાલબાબુ દુર્ગા સાહ (દેવાદાર) અને શ્રીમતી ઉષાદેવી લાલબાબુ સાહ (સહ દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૯૪,૯૩૫/–(અંકે રૂા. દસ લાખ ચોરાણું હજાર નવસો પાત્રીસ પુરા)** વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/જામીનદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૨૦મી નવેમ્બર ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૩,૯૪,૯૩૫/–** વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'રાધે વીલા' નો પ્લોટ નં.૯૨ માપ આશરે ૪૮.૧૫ ચો.વાર તેનો કે.જે.પી મુજબ બ્લોક નં. ૪૬/બી/૯૨ આશરે માપ ૪૦.૨૬ ચો.મીટર, રોડ/રસ્તા, સીઓપી માપ ૨૯.૧૬ ચો.મી ના પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત જેનું પ્લાનીંગ બિન ખેતી જમીન રેવન્યુ સર્વે નં ૧૫૫, ૧૫૬/૩, તેનો જુનો બ્લોક નં ૪૧, રી–સર્વે પછી બ્લોક નં.૪૬ આશરે માપ હેક્ટર ૦૧–૮૭ આરે –૫૯ ચો.મી પૈકી ૧૩૪૫૯.૦૦ ચો.મી ગામ.હલધરૂ, સબ ડિસ્ટ્રીકટ.કામરેજ, જી. સુરત ખાતે થયેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડેની સોસાયટી નો આંતરીક રોડ, **પશ્ચિમ તરફ :** જોડેનો પ્લોટ નં.૯૩, **ઉત્તર તરફ :** જોડેનો પ્લોટ નં. ૯૩, **દક્ષિણ તરફ :** જોડેનો પ્લોટ નં.૯૧

તા. ૨૦.૧૧.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, ડીબી બારડોલી શાખા

## બૅંક ઑફ બડૌદા / Bank of Baroda

કલકવા શાખા : મુ.પો. કલકવા, ગામતાવ ફળીયુ, તા.ગ્રેલવણ, જી.વ્યારા, પીન–૩૯૪૬૩૦
Email : kalsur@bankofbaroda.co.in

પરિશિષ્ટ – ૪ કબજા નોટીસ (સ્થાયી મલકત માટે)
પરિશિષ્ટ -૪ [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ

**નીચે** સહી કરનાર **બૅંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા. ૨૪/૦૬/૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી દેવાદાર **શ્રી પ્રાચી પ્રકાશ પટેલ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા. ૧૯,૮૫,૦૩૦.૯૪/– (અંકે રૂા. ઓગણીસ લાખ પંચ્યાશી હજાર ત્રીસ અને ચોરાણું પૈસા પુરા) ૨૧.૦૬.૨૦૨૬ ના રોજના** તેના ઉપર કરાર આધારીત દરે વધારાનું વ્યાજ સહીત, વત્તા કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૧૮મી નવેમ્બર ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો **કબજો** મેળવેલ છે.

ખાસ દેવાદાર /સહદેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૯,૮૫,૦૩૦.૯૪/– (અંકે રૂા. ઓગણીસ લાખ પંચ્યાશી હજાર ત્રીસ અને ચોરાણું પૈસા પુરા)** વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જેરે.સ.નં.૯૮/પૈકી, બ્લોક નં.૩પી, વોર્ડ નં.૫, મિલકત નં.૩૯૦/૧, 'જાગૃતી સોસાયટી' નજીક, અંધારવાડી રોડ, વ્યારા, તાલુકા : વ્યારા, જી. તાપી ખાતે એરિયા ૪૮૧.૭૪ ચો.મી શ્રી પ્રકાશભાઈ કકિરભાઈ પટેલ ની સંપુર્ણ માલિકીની આવેલ છે. (સાઈટ મુજબ) આ મિલકતની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** સર્વે નં.૯૮પી અન્ય જમીન, **પશ્ચિમ તરફ :** રોડ, **ઉત્તર તરફ :** સર્વે નં.૯૮પી અન્ય જમીન, **દક્ષિણ તરફ :** સર્વે નં.૯૮પી અન્ય જમીન આવેલ છે.

તા. ૧૮/૧૧/૨૦૨૬ સ્થળ : વ્યારા — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, કલકવા શાખા.

## આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિમીટેડ / IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બૅંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેમ્બરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ । ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બૅંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૧૩ જુન ૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને દેવાદાર, **સહદેવાદારો અને જામીનદારો ૧. અરવિંદ નામદેવ આહિરે ૨.અવિન્દ્ર એન આહિરે ૩. રવિન્દ્ર નામદેવ આહિરે** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૨,૨૨,૪૭૫.૩૭/– (અંકે રૂપિયા બાર લાખ બાવીસ હજાર ચારસો પંચોતેર અને સાડત્રીસ પૈસા પુરા) તા.૧૧ જુન ૨૦૨૬** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૯ મી ન